**Enrollment No: ____________________** **Exam Seat No: ____________________**

# C.U.SHAH UNIVERSITY
## Winter Examination-2018

**Subject Name : Compulsory Accountancy-I**

**Subject Code : 4CO01CAC2** **Branch: B.Com (Gujarati)**

**Semester : 1** **Date :03/12/2018** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:
1. (1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
2. (2) Instructions written on main answer book are strictly to be obeyed.
3. (3) Draw neat diagrams and figures (if necessary) at right places.
4. (4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** પેઢીના સંયોજન વખતે પેઢીના વેચાણથી થતા નફા કે નુકસાનને દર્શાવાય છે? 1

(a) નફા નુકસાન હવાલા ખાતે (b) પુન: મૂલ્યાંકન ખાતે (c) નફાનુકસાન ખાતે (d) આમાંથી કોઈ નહિં

**b)** સંયોજન વખતે મિલકતો, જવાબદારીઓ અને મૂડી ખાતાં બંધ કરીને ક્યા ખાતે નોંધાય છે? 1

(a)નફા નુકસાન હવાલા ખાતે (b) પુન: મૂલ્યાંકન ખાતે (c) નફાનુકસાન ખાતે (d) નવી પેઢી ખાતે

**c)** જૂની પેઢીના ચોપડે સંયોજન સમયે સામાન્ય અનામતની બાકીની વહેંચણી માટે ક્યો ગુણોત્તર ધ્યાનમાં લેવામાં આવે છે? 1

(a) મૂડીના પ્રમાણમાં (b) ઈક્વિટીના પ્રમાણમાં

(c) જૂના નફા નુકસાનના પ્રમાણમાં (d) નક્કી કરવામાં આવેલ પ્રમાણમાં

**d)** આડતમાલના હિસાબોમાં ઉદ્‌ભવતું અસામાન્ય નુકસાન ક્યા ખાતે ઉધારાય છે? 1

(a) આડતિયા ખાતે (b) આડતમાલ ખાતે (c) નફા નુકસાન ખાતે (d) માલધણી ખાતે

**e)** માલધણીએ આડતિયા પર લખેલી હૂંડી આડતિયો સ્વીકારે ત્યારે માલધણીના ચોપડામાં ક્યું ખાતું જમા થશે ? 1

(a) આડતમાલ ખાતું (b) લેણી હૂંડી ખાતું (c) આડતિયાનું ખાતું (d) દેવી હૂંડી ખાતું

**f)** આડતથી માલ વેચવા મોકલેલ હોઈ ત્યારે તે માલની રકમ માલધણીના ચોપડામાં ક્યા ખાતે ઉધારય છે? 1

(a) આડતિયા ખાતે (b) આડત માલ ખાતે (c) વેચવા મોકલેલ માલ ખાતે (d) વેચાણ ખાતે

**g)** રાશના ધંધા માટે નીચેના માંથી ક્યું વિધાન સાચું છે? 1

(a) લાંબાગાળાના નફાનો (b) ટૂંકૂ આયુષ્ય (c) લાંબુ આયુષ્ય (d) ભાગીદારીનો કાયદો લાગુ પડે

**h)** રાશ ખાતું કોના જેવું છે? 1

(a) વેપાર ખાતાં જેવું (b) ન.નુ ખાતાં જેવું (c) વેપાર અને નફા નુકસાન જેવું (d) પાકાં સરવૈયા જેવું

**i)** જ્યારે રાશના ધંધામાં સ્વતંત્ર હિસાબી ચોપડા રાખાવામાં આવતા હોઈ ત્યારે રાશ માટે ચૂકવાયેલા ખર્ચ 1

(a) સંયુક્ત બેંક ખાતે જમા (b) ખર્ચ ખાતે જમા (c) ભાગીદાર ખાતે ઉધારાય (d) રાશ ખાતે જમા

j) પ્રીમીયમની ભરેલ રકમ અને પોલિસી શરણમૂલ્ય વચ્ચેનો તફાવત ક્યાં ઉધારવામાં આવે છે? 1

(a) સં.જી.વી.પો ખાતે (b) ન.નુ ખાતે (c) સં.જી.વી.પો.અનામત ખાતે (d) ભાગીદારોના મૂડીખાતે

k) સંયુક્ત જીવન વીમા પોલિસીનું વાર્ષિક પ્રીમીયમ 15000 છે અને શરણમૂલ્ય શૂન્ય છે તો માંડીવાળવાની રકમ 1

(a) શૂન્ય (b) 7500 (c) કોઈ નહિં (d) 15000

l) પ્રીમીયમને મૂડી ખર્ચ ગણીને નોંધવામાં આવે ત્યારે ભારેલ પ્રીમીયમને ક્યાં ખાતે ઉધારાય છે? 1

(a) પોલીસી ખાતે (b) વેપાર ખાતે (c) પ્રીમીયમ ખાતે (d) નફા નુકસાન ખાતે

m) હિસાબી ધોરણ નં 3 ... 1

(a) પાઘડીનું મૂલ્યાંકન (b) રોકડપ્રવાહ પત્રક (c) ઈન્વેટરીનું મૂલ્યાંકન (d) મિલકતોનું મૂલ્યાંકન

n) આકસ્મિક અને પાકા સરવૈયા પછી થતી ઘટનાઓ માટે હિસાબી ધોરણ નંબર... 1

(a) 1 (b) 2 (c) 3 (d) 4

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions** **(14)**

**(a)** માલધણીના ચોપડે જરૂરી આમનોંધ લખો. 7

**(b)** હેતલ અને મિતલ તેમની પેઢીમાં 2:1ના પ્રમાણમાં તથા નિરાલી અને ધાત્રી તેમની પેઢીમાં 3:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચે છે. બન્ને પેઢીના પાકા સરવૈયાં નીચે મુજબ છે.

| **મૂડી દેવાં** | **હેતલ અને મિતલ** | **નિરાલી અને ધાત્રી** | **મિલકત લેણાં** | **હેતલ અને મિતલ** | **નિરાલી અને ધાત્રી** |
|---|---|---|---|---|---|
| હેતલ | 60,000 | | ફર્નિચર | 28,000 | 32,000 |
| મિતલ | 48,000 | | સ્ટોક | 40,000 | 52,000 |
| નિરાલી | | 80,000 | દેવાદારો | 48,000 | 60,000 |
| ધાત્રી | | 40,000 | લેણીહૂંડી | 16,000 | 24,000 |
| સામાન્ય અનામત | 24,000 | 40,000 | રોકડ | 52,000 | 56,000 |
| કારીગર અકસ્માત ભંડોળ | 12,000 | 8,000 | | | |
| લેણદારો | 40,000 | 56,000 | | | |
| | 1,84,000 | 2,24,000 | | 1,84,000 | 2,24,000 |

બંને પેઢીનઓનું સંયોજન કરી નવી પેઢી સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. સંયોજનની શરતો નીચે મુજબ હતી. 7
1. બંને પેઢીના ફર્નિચરની કિંમત 10% ઘટોડો કરવો. 2. બંને પેઢીના સ્ટોકની કિંમતમાં 20% વધારો કરવો. 3. દેવાદારો પર 10% ઘાલખાધ અનામત ગણવી 4. હેતલ અને મિતલની પાઘડીની કિંમત 24,000 અને નિરાલી અને ધાત્રીની પાઘડીની કિંમત 64,000 ગણવી. 5. હેતલ અને મિતલની લેણીહૂંડી હેતલ 10% ઓછી કિંમતે ખરીદે છે. 6. નિરાલી ધાત્રીની પેઢીની લેણીહૂંડી નવી પેઢીમાં 25% ઓછી કિંમતે દર્શાવાની છે.

- બન્ને પેઢીના ચોપડામાં નફા નુકસાન હવાલા ખાતું અને ભાગીદારોના મૂડીખાતાં બનાવો અને પેઢીનું પાકું સરવૈયું બનાવો.

**Q-3**

સુરેન્દ્ર નગરના બાબુલાલે, અમદાવાદના ધનશ્યામને તા. 1-4-2011ના રોજ 20 મોબાઈલ 5000રૂ. ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. પડતર કિંમત પર 25% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે. માલ મોકલતાં નૂર અને વીમાના રૂ. 1000 ચૂકવ્યા હતા. 14

તા. 1-4-2011ના રોજ બબુલાલે ઘનશ્યામ પર રૂ.50,000ની 4 માસની મુદ્દતની એક હૂંડી લખી હતી, જે ઘનશ્યામે સ્વીકારી તુરંતજ પરત કરી હતી. ઘનશ્યામે આ હૂંડી તા. 4-5-2011ના રોજ બેંકમાં વાર્ષિક 12%ના દરે બેંકમાં વટાવી હતી.

ઘનશ્યામ 5% લેખે સામાન્ય આડત અને 2% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે, તદ્ઉપરાંત તેને ચોખ્ખા નફાન 10% લેખે નફા ભાગ પણ આપવાનો છે.

તા.31-3-2012ના રોજ ઘનશ્યામે વેચાણ આંકડો અને તેમની પાસેથી લેણી રકમનો બેંક ડ્રાફ્ટ મોકલી આપ્યો. : - (1) તેણે જકાતના રૂ. 400, વચ્ચગાળાના વીમા પ્રીમીયમના રૂ. 600 અને જાહેરાતના રૂ. 1500 ચૂકવ્યા હતા. (2) 10 મોબાઈલ દરેક રૂ. 5500ની કિંમતે રોકડેથી વેચ્યા હતા.
(3) 5 મોબાઈલ દરેક રૂ. 600ની કિંમતે મફતલાલને ઉધાર વેચ્યા હતા.
(4) મફતલાલ નાદાર જાહેર થયા અને તેમની પાસેથી રૂપિયા 40 પૈસા લેખે આખરી ડિવિડન્ડ વસૂલ થઈ શક્યું. (5) વર્ષ દરમિયાન ગોડાઉનમાં આગલાગવાથી 1 મોબાઈલ સંપૂર્ણ નાશ પામ્યો અને વીમા કંપનીએ 3750નો દાવો સ્વીકાર્યો હતો. (6) નહિં વેચાયેલા મોબાઈલ પૈકી બે મોબાઈલને નુકસાન થતાં રૂ.650 સમારકામ ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવો.

**Q-4 Attempt all questions** **(14)**

(a) ખુશી અને ખમ્મા જમીનના ધંધામાં સંયુક્ત સાહસમાં જોડાય તેઓ 3:2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચી લેવા સંમત થયા, તેઓએ અનુક્રમે રૂ.1,20,000 અને 1,80,000 બેંકમાં જમા કરાવ્યા. તેમોએ 3000 ચો મીટર જમીનનો એક પ્લોટ,ચો.મીટરના રૂ.900ના ભાવે ખરીદ્યા. તેઓએ નીચે મુજબના ખર્ચા સંયુકત બેંક ખાતામાંથી ચૂકવ્યા હતા. 1.રજિસ્ટ્રેશન ચાર્જ – 1,20,000 2. સ્ટેમપ ડ્યુટી – 72,000 3. કાનૂની સલાહકારની ફી – 12,000 પરચૂરણ ખર્ચા – 37,500 7

જમીનના પ્લોટ વેચવા તેઓએ એક પ્લાન બનાવ્યો. આ પ્લાન મુજબ કુલ જગ્યાનો 20% ભાગ જાહેર રસ્તાઓ માટે અને 10%ભાગ જાહેર બગીચા માટે ફાજલ રાખવામાં આવ્યો. અને બાકીની જમીનના એકસરખા ભાગના 15 પાડવામાં અવ્યા. ખુશીએ ચોરસ મીટરના રૂ.1650 ભાવે 10 પ્લોટ,બાકીના પ્લોટ ખમ્માએ રૂ.1800ના ભાવે વેચી દીધા. બંને ભાગીદાર વેચાણ પર 5% કમિશન મેળવવા હક્કદાર છે. **તૈયાર કરો :_1. રાશ ખાતું 2. મૂડી ખાતાં 3. સંયુક્ત બેંક ખાતું**

(b) રાશ ખાતાંનો નમૂનો આપો. 7

**Q-5 Attempt all questions** **(14)**

(a) હિસાબી ધોરણ નં -3 રોકડ પ્રવાહ પત્રક સમજાવો. 7

(b) હિસાબી ધોરણ નં – 2 ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન સમજાવો. 7

**Q-6**

આદી અને સોન 3:2ના પ્રમાણમાં અને શ્રી અને હેપ્પી પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા બે ભાગીદારી પેઢીઓમાં ભાગીદારો છે. તેઓએ ભાગીદારી પેઢીઓનું સંયોજન કરી, શ્રીનાથજી ટ્રેડર્સની સ્થાપના કરી. 14

**તેઓની પેઢીના પાકા સરવૈયાં**

| **મૂડી દેવાં** | **આદી અને સોના** | **શ્રી અને હેપ્પી** | **મિલકત લેણાં** | **આદી અને સોના** | **શ્રી અને હેપ્પી** |
|---|---|---|---|---|---|
| **મૂડી :** આદી | 1,20,000 | | જમીન | 70,000 | 50,000 |
| સોના | 1,00,000 | | ફર્નિચર | 15,000 | 12,000 |
| શ્રી | | 1,10,000 | કાર | 20,000 | 17,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| હેપ્પી | | 74,000 | સ્ટોક | 57,000 | 65,000 |
| **ચાલુ ખાતાં:** આદી | 10,000 | | દેવાદારો | 71,000 | 65,000 |
| સોના | 6000 | | રોકાણો | 15,000 | |
| લેણદારો | 54,000 | 56,000 | બેંક સિલક | 42,000 | 31,000 |
| | **2,90,000** | **2,40,000** | | **2,90,000** | **2,40,000** |

**સંયોજનની શરતો :** 1) આદી, સોના, શ્રી અને હેપ્પીનું નવું નફા નુકસાન વહેંચીનું પ્રમાણ 6:5:5:4 રહેશે. 2) નવી પેઢીની કુલ મૂડી રૂ. 4,80,000 જે નવા નફા નુકસાનના પ્રમાણમાં રાખવી. 3) શ્રી અને હેપ્પી પેઢીની જમીન સંયોજન પહેલાં રૂ. 70,000માં વેચી, જેની ઊપજ નવી પેઢીમાં રાખવી. 4) આદી અને સોનાની પાઘડી રૂ. 40,000 અને શ્રી અને હેપ્પીની પાઘાડી રૂ. 30,000 નક્કી કરવામાં આવી. 5) આદીએ રોકાણો રૂ. 12000માં લીધાં. 6) બંને પેઢી માટે ઘાલખધની જોગવાઈ અનુક્રમે રૂ. 4000 અને રૂ. 5000 કરવી. બંને પેઢીના લેણદારો 2.5% ના વળતરથી નવી પેઢી લેશે. 7) બંને પેઢીનો સ્ટોક 10% વટાવે નવી પેઢી લેશે.

**- બંને પેઢીના ચોપડે જરૂરી ખાતાં બનાવો.**

**Q-7 Attempt all questions** **(14)**

(a) સંયુક્ત જીવન વીમા પોલીસી એટલે શું ? તેની જરૂરિયાત સમજાવો. **7**

(b) ક્રિષ્ના, માધવ અને ગોપાલ અનુક્રમે 2:1:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 1-1-2011ના રોજ તેમણે રૂ. 1,50,000ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી. તેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 15,000 છે. પેઢીના ચોપડે પોલિસી ખાતું શરણ મૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે. પેઢીનું હિસાબી વર્ષ તા. 31મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. જુદા જુદા વર્ષનું શરણ મૂલ્ય નીચે મુજબ હતું.: **7**

| | | | | |
|---|---|---|---|---|
| **વર્ષ :** | 2011 | 2012 | 2013 | 2014 |
| **શરણમૂલ્યની રકમ :** | શૂન્ય | 3,000 | 9,000 | 18,000 |

તા. 10-2-2015ના રોજ ગોપાલ અવસાન પામ્યો તેથી તા. 10-3-2015ના રોજ વીમા કંપની તરફથી બોનસ સહિત રૂ. 1,75,000 ચૂકવવામાં આવ્યા. **પેઢીના ચોપડે તૈયાર કરો:**

**1.** સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું 2. સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું

**Q-8 Attempt all questions** **(14)**

(a) સંયુક્ત જીવન વીમા પોલિસીની અનામત ખાતાં વાળી પધ્ધતિ સમજાવો. **7**

(b) રાશ અને આડતમાલ વચ્ચે તફાવત આપો. **7**